# દયાની કિર્તન





" હરમીશ. "

Printed by V P. Pendherkar at the Tutorial Press-211 a Girgaon Back Road Bombay & Published by Hormasji Sorabji Mistry, Artist, Dawn Photographic Studio, Gowalia Tank Road, Bombay

# “કયાની કિર્તન”

(ગયોમર્દ-જમશેદ અને ઝોહાકનું દાસ્તાન.)


રચનાર

“હુરમોસ”

હોરમસજી શોરાબજી મીસતરી

ડોન સ્ટુડીઓ આરટીસ્ટ તથા જોડયા માલેક

ગોવાલ્યા ટેન્ક મુંબઈ,

તે “મિનોઈ મજાહ” અને “મધૂરિકા” ના કર્ત્તા.



મુંબઈ તા.                    ૧૯૧૫.

# અર્પણ પત્રિકા.



રોશન મુકામ ફિરદોસી તૂસી,
ફારસી શાએરોનો પીતા,
કયાની તવારીખનો કર્તા,
ઈરાની શેહનશાહતનો દિપક,
પાદશાહો અને પહેલવાનોનો પ્રકાશક,
કયાની ઝુંડો ઉઠાવનાર,
જગમા આશકારા કરનાર,
પારસીપણુ સજીવન કરનાર,
ઈરાની લોહી ઉછળાવનાર,
આપીકા વતન તરફ ખેંચનાર,
શૂર અને નૂર આપનાર.

અમર, અકબર, ફિરદોસી તૂસીનાં ફ્રવરશીને,
માન અને હેશાન સાથે,
આ "કયાની કિર્તન"
અર્પણ કરૂ છુ.

હરમીસ.

# કર્તાના બે બોલ.

આ "કયાની કિર્તન" કહો, કે "શાહ નામાનુ સગિત" કહો-તે લખવાની એટલીજ મતલબ કે હાલના વખતમાં, "ઈરાની શહેનશાહતના પાદશાહો અને પહેલવાનોના કામનો પ્રકાશ," ફરી પારસી જરથૂરતીઓમાં ચલવલતો હોવાના હેતૂ વધારવા માટેજ છે. અને તે હેતુ એજ કે તમામ એ "પુરાણા શાહેનામા"ને સગિતમાં, જુદી જુદી સરળ રાગણીઓમા ગોઠવવા કોશેશ કરી છે કે જેથી વાચન સાથ, ગાયન આકારમા દીલને રાહત સાથ તાજગી મળે

આ નાની ચોપડીમા પ્રથમ "કયો મરદ" યા "ગયો મર્દ"થી શાહા જમશેદના અંત સમય સુધી ગોઠવણુ કરી છે-જે પ્રિય વાચકો સમક્ષ રજુ કરૂ છુ અને જેમા એવીજ ખાહેશ રાખી છે કે પારસી જરથોસ્તીઓમા, તેનો પ્રચાર થાયે-અને ફુરસદના સમયમા, "કયાની વિરલાઓના" પ્રાક્રમ, સરળ સગિતમાં ગવાયે!

આ ચોપડીની બધારણ, "મરહુમ મનસુખ"ના ગુજરાતી શાહનામા ઉપરથી તારવી છે કે જે ગુજરાતી શાહનામુ તે ભલા, બાહોશ મરહુમ, અષો નરે, "શાએર ફીરદોસી તૂસીના શાહનામા નામની કેતાબના આધાર ઉપરથી ઉપજાવી હતી"

આ ઠેકાણે મારી ફરજ બજાવતા મને ખૂશાલી ઉપજે છે કે "આ "કયાની કિર્તન" રચવાની સૂચના, મારા "એક પ્રિય અને અતિ લાયક મિત્ર"ના વિચારનુ ફળ છે"-અને દલગીરી એટલાજ માટે છે, કે તેઓ પોતાનુ નામ જાહેર કરવા દેતા નથી

ટુકમા આ ચોપડીની પ્રસંસા ઉપર હવે પછીની એજ "કયાની કિર્તનની" સીલસીલા બંધ કળી છપાઈ પ્રગટ થશે, કે જેથી આ ચોપડી સાથ બરોબર રીતે એક મોટી કેતાબ માફક સાચવવા સર્વને ઠીક થઈ પડે.

સેવટે પારસી જરથૂસ્તીઓની, તેમની હાલમા ચાલતી દાઝે કે જે દાઝમાં પોતાના વહાલા કયાનીઓના ટોળાના વિરલાઓના, મનન કરવા લાયેક લેખો, તરેહવાર રીતે બહાર પાડવાની નેમ છે, તે જેમ ચાલુ રહે, તેમજ, ફરી પાછો જરથોસ્તી ટોળો, તેમની આગળી ધાર્મીક, ઝેન અને હીમ્મતમા ખીલી નિકલે. અને કયાની વિરલાઓના જેવૂ સુગાતન દેખાડી પૂરાતન ઇરાની લોહી દીપક કરે.

એજ અને જે કામમા અહૂરા મદદ કરે-!

ભલી મુંબઈની જરથોસ્તી જશન કમિટીની આ પહેલ માટે ઉપકાર માન્ય કરૂ છુ

લા કર્તા,

"હરમીસ."

હો. શો. મીસાતરી.

# "યજદાનની મદદ"

"કુવેમે હુએ" એ રાહ

ત્વારિખ કરૂં છુ બ્યાન-ઈરાનની ત્વારિખ કરૂ છુ બ્યાન,
પ્રથમ "અહુર" નુ નામ ધરૂ છુ-સહાય થાયે એવી અર્જ
ભરૂ છુ
ના સત્ય વાત કહેવા ડરૂ હુ-મળશે અહુરથીજ હામ-ઈરાનની
કેવી ઈરાનની ઝાહોજલાલી-આજે કેવી હાલહવાલી!
નયાગાનોની કેવી મલાલી-આજે થયુ સુમશામ-ઈરાનની
"ઈરાન ઓલાદના" ફ્ળો વસે છે-પોલાદનો કસ હજી કમે છે,
દોલ જતા પણ તુટક ધસે છે-હિંદના, પારસીમા બળવાન-ઈરાનની
હજી ઈરાની લોહી રગે છે-શુરવિર વિરલા જગે જગે છે,
ભલે કોકમા દગમગે છે-પણ સાચવ્યુ છે શુભ નામ-ઈરાનની
નથી દીલથી ગઈ મરદાની-સચ્ચાઈભી છે હજી પરડાની,
દાજ હજી છે, ધરમ અદાની-સ્ત્રી પુરૂષ ગુણવાન-ઈરાનની
સ્થળે સ્થળમા કીર્તી ગાવો-અષેમ અશોઈમા તમ મી ધ્યાવો
રાખો મનમા શુરવીર ભાવો-ભોગવો ફરી શનમાન-ઈરાનની

## ઈરાન દેશનો પહેલો શાહ કઈયોમર્સ.

### સાખી.

ઈરાન દેશનો શાહ પહેલો-નામ હતુ કઈયો (મરસ) મર્સ,
તેજ બદન ને ચલક પેશાની-હતી અશોઈની તર્સ
તેણે તખ્ત બિછાવ્યુ વહેલુ-નામ ઈરાન શાહોમા પહેલુ,

"તેનો ન્હમામ હતો પુર તુરો–ધીર ધીરજવંત ને શુરો,
ચંદ્ર સમાન મુખાર મધુરો–ન્યાય, મયા દેતોબી પુરો,
કરતો બન્દી ભાવનો ચુરો–એવો સર્વ વાતમા રૂરો (રૂડો).

રાજ્ય સ્થાને રાજ કીધુંબી–વર્ષ ત્રીસને માટે,
કષ્ટ દુખબી સરપર લીધુ–રઇયત ખાતેર જાતે,
પુત્રની વ્રાધ્ધ થઇ રાજ ખાતે–જેથી હર્ષ થયા ભાતં ભાતે

રૂડુ નામ શિઆમક તેનુ–સાથે ભાગ્યવંતબી લહેણુ,
પિતાને સુખ થયુબી દહેનુ–ખુશ થયો મુખ જોઇ જેનુ,
પુત્રનું કરતો હતો સઉ કહેનુ–દેતો ધર્મ દાનનુ દહેણુ

રાજ્ય સ્થાનમા શાન્તિ સમયમા–નિકળ્યો દુશમન ભારી,
અભાવ તેનો ઉતર્યો સપુતપર–લડાઇ કઇયોમર્જ પર ધારી,
આણ્યો કહેર કલાપીત જારી–શીયામકપર ધુન ઉતારી

બન્ને મલ્યા રણપર ઝેને–લડયા ખુબ બાથ અને ફેને,
તેને ઝટકો દિધો શીઆમકને ફેંકયો ટુકડા કરી તે દેવે,
સપુતનો જાન ગયો એચેંને ખબર પહોચી ગઇ પેદરને

નિરાશ બની મન તન બાળ્યુ–સિતમ થયો વૃધ્ધપણમે,
કઇયોમર્સના હોશ, ગયા–સિહા થયુ ઘડપણુ રે,
રૂડન કીધુ કીધુબી જારી–સુરખી ગઇ ગુલાબની સારી,
જાણે કરાર ગયો શેહેર ઘરનો–ગમ ખેંચ્યોબી જીવ ભરનો,
ન સધિઆરો હતો પળભરનો–બેપરવા થયો માલ જરનો
શોગની આગ રચાવી ભારી-ગમખ્વારી થઇ હયા જારી.

એવા ગમના દચકાં ખાતાં થઈ બસારત સારી,
"મરણ પાછળ ના કર ફોકટ જીદગી તુજ અકારી,
એનો અજાબ થશે શીર ભારી-કીનાની તોર કાઢ કાંઈ સારી"

"યજદાન" નામ લીધુ બી મુખપર-ઓસ્તવાર બન્યો તે કુખપર,
સાફ હાથ ફેરવ્યો દૂખપર-મન થરાવ કીધોબી કુચપર
સફરની કીધી તમામી સારી-દીલથી અયેશ આરામ નિવારી

---

## પાદશાહ કઇયોમરસની એકલા પૌત્ર "હુસંગ" પર હિમાયત-પોતાના મરહુમ દીકરા સ્યામકના એક પુરા બેટા "હુશગ" ને આપેલી નસીહત-તથા તેનાપર એકલો આધાર-દેવ સાથ-તેઓની લડાઈ-દેવને આપેલી શીકસ્ત-કઇયોમરસનું મરણ, ઈત્યાદી.

"બજી જબ" એ રાહ

હતો નેક સ્યામકનો એક પુત
નામ તેનુ હુસગ હતુ-જે જાતે નેક સપુત-હતો
હતો જેમા હોશ શુરતનનો,
જાતે કદાવર સમજ સાથે લડવા વરતનનો,
ખુલાસો સ્યામકનો ધર્યો-
કેવા હાલથી બાપ મુવો, તે હાલ હયા કર્યો
હુસંગપર આશ વડીલની રહી,
કઇયોમર્સની તે બાજુ હતી-સર્વે હીમ્મત સહી

હતી બી કુળ તણીરે લાજ,
વંશ વેલાને ખાતેર બીડું, ઝડપ્યું લડવા કાજ.

બન્યો ખાસ લશકરનો સરદાર,
ગોવાળ્યા સમ રક્ષણ દેતો બન્યો તે ભરથાર

હરોલમાં પડી આગળ વધ્યો,
બપાવાએ પુત્ર ખાતેર પાછલો ભાગ લીધો

આખેરમા કીધી હરીફ બાજી
ખુબ હફાવી જીકર ચલાની-ઝનુન કીધી તાજી,

હરીફનુ સર તનબી ભાંજી,
દેવ તણુ કુલે કુવત કાપી-સઉને કીધા રાજી

રગતથી કીધુ લાલ મયેદાન,
પીઠ ભાગી દુશમનની રે સહેજ વાત દરમ્યાન,

ઉખાડયું તનપરથી બી ચામ,
દેવ તણુ કુલ દઈવત ભાગી-પુરૂ કીધુબી કામ

ખુશાલી રહી ઘડીભરની
કઇયોમરસની ખુશી સાથે જીંદગી ગુજરીબી

વધાઈમા હતો ઘડી સામીલ,
મોત સામે ટકવા ખાતેર હતો નહી કામીલ

હુસગને રાજ થયુ સ્વાધીન,
સરજત આગળ શીર નમાવા થઇ રહયો આધીન.

## હુસંગ બાદશાહે ચાલીસ વર્ષ બાદશાહી કીધી.

"ગુલચમનમે બીછું છુપા" એ રાહ

આદેલ ઇનસાફે રાજ કીધુ હુસગે,
સાથે વંશ પતિને જેબ દીધો નવરંગે

ઇજદાન ફરમાનની શીખ દીધી બી સઉને,
રજ ખેચી ઉગારયા રંકરાય બહુ-બહુને

સત મારગે ચાલત્રા સખુન જબાંપર લાયો,
સઉ માટે સુખનો ભારી નાખ્યો પાયો

તેણે બીજ જગતમા નવુ એક રોપાવ્યુ,
પથ્થરથી પાડી જુદું લોખદ તાવ્યુ

ઓજારો અનેક તરાહ તરાહના કીધાં,
જે ખેત કામમા પ્રથમ કામમાં લીધા

રૈયતનો પહેલો ખોરાક હતો ફુળ ફળનો
ખેતી કરવા મડયા, હવે અનાજની વણુમો

વસ્ત્ર માટે પાન હતા વપડાસે
પોષણુ હતુ બી { ભાજીપાલાની સાથે
તર તરકારી સાથે }
એવા અનેક તરાહે ફેરફાર રચાવ્યા :
આબાદાની સાથે તરગ અજબ મચાવ્યા,

એવા સર્વ પ્રકારે સુખ પ્રજાને ચખાવ્યા
સુખ શાન્તિ સાથે અતિ આરામે પાળ્યા.

## "જશને સદેહની સફાયત"

સ્વારી ગઈ એક દીને શિકારે સારી
હુસગને મળ્યો માર્ગે અજદા ભારી

બહુ કળાથી ઉચકી ફેંકયો પથ્થર તેપર
નાગ ખસી જતાં પથ્થર પડ્યો, પથ્થરપર

પથ્થર અથડાતા ચમકાર ત્યાં સલગી રહી
અજદા મારવાની વાત હયા અલગી રહી

આ અજબ તેજનુ ફેજ નિકળ્યુ સારૂં
અજવાળુ થયુ જ્યા હતુ પ્રથમે અંધારૂ

આ બેમુલ હદીઓ મલ્યો ખરો બી જગને
જાન બદન નમવી જાળવ્યો પવિત્ર ઢગને

સળગી ત્યા કાડી. પડી હતી વીખરાઇ
દીધી કીરતારે ભારી આએ નવાઇ.

આ નુરી આતશ અજબ દીઠામા આવ્યો
સાપ, વીટ ખસાડી દરશન શુભનો લાવ્યો

સળગાવી ગખી શાહે આ "નુરાની"
"અહુરાએ" બક્ષી શ્રેષ્ટ નિશાન પુરાની.

હુશગથી આવી આ નેક બખ્તગી સારી
કુલ ખલકત રહી છે આજ તુલીક આભારી

મેજબાની કીધીબી શેહેર ગામ ઘર ધામે
જાળવી છે યાદ આ જશનની "સદેહ" નામે

નેક નામથી રહી છે, જશન-તણી યાદગારી
ભલે થાયે જગતમા આવી નેક નામદારી

ત્યાર પછી કામમા લીધા હતા જાનવરને
ચામ બાલે ઢાંકયા હરેક તરાહથી તનને

એમ કરતાં આખેર જમને જીવબી દીધો
શુભ કામ તણો બસ એકલો જશ એક લીધો

થાક અનેક તરાહની લીધી પ્રજાને ખાતેર
તેણે રંજ લીધો બસ ફક્ત "ઇજદાને" ખાતેર

---

## હુસંગનો પુત્ર "તહેમુરસ દેવબંદ".

## "યાને બદીનો નાશ કરનાર શાહ"

"ફાનીરે રંગ છે-ખાલી સોહગ"=એ રાહ

જુવો જુવો-સગન પર આવ્યુ ગગન
ગગન મટિ જઇ, લાવ્યુ સગન=જુવો જુવો

હુસગનુ સબ આખરે થયુ રે-રૂદન ભાવબી તેપર ભયુરે
રંગમા ત્યા ભગ થયુ રે-તે પણ આખરે થયો પ્રસગ=ગગન

પુત્ર તહેમુરસ ગાદીએ આવ્યો–નાશ બુરાઈનો કરવા ધારયો
કરતુક કાજપર ફટકો લગાવ્યો–એવા સ્થાપ્યા રૂડા રંગ=ગગન

તખ્ત પર બેસી હુકમ પસાર્યો–નેકી કરવા છાપ મરાવ્યો
ધોવા બદીને દંડ ધરાવ્યો–ફાયદો દેવા લીધો ઉમંગ=ગગન

શેહેરમા હુન્નર સ્થાન સ્થાપાવ્યા–બાલ તણાબા કાપડ વણાવ્યાં
ગીત પક્ષીને ગાતા ભણાવ્યાં–એવા આકેલ કીધા તુરંગ=ગગન

દીધી નસીહત સૌને તરાહથી–પેદા થયા છે સૌ "અહુરાથી"
પશુ પંખપર રાખો દયાબી–પાળી રહેમથી થાવો મગન=ગગન

હતો ત્યા એક દસતુર જ્ઞાની–સુની તેની સલાહ દાની
રાસ્ત પર કરતો જાન ફેશાની–માની લીધા તેના રૂડા વચન=ગગન

દાદ દયાનો માર્ગ દેખાડયો–સાફ અષોઈનો હોઠ હલાવ્યો
નેકી નમનનો રાહ સમજાવ્યો–દાન ધરવા કીધુ મથન=ગગન

એવી મનાડી જ્યારે ફરીબી–બુરાઓએ ધાસ્તી ધરીબી
મસલત બુરાઇની આખેર કરીબી–કાપવા ધારયુ સાહી જીવન=ગગન

ભેગા થઇને બંદ ઉઠાવ્યુ–શાહને મારવા કપટ ચલાવ્યુ
સીહાદેવે માથુ ચઢાવ્યુ–એવી ભાનમાં થયા અપંગ=ગગન

પ્રપંચ તેમનુ શાહને મળ્યુ–બદન બુરાઓએ જાતે દળ્યું
બરબાદીમા આવ્યું તળ્યુ–આખેર હારથી થયા બતંગ=ગગન

શાહે સૌને થાર મરાવ્યા–કેટલાકોના ચુરા કરાવ્યા
થોડાકોને બીકથી ડરાવ્યા– પનાહનો કોઈએ કીધો સુખન=ગગન

બચ્યા જાન કોઇ કોલને ખાતેર-રહેમ કીધી કાંઈ બોલને ખાતેર
પાળ્યા કોલ ફકટ જીવને ખાતેર-વચન સુની શાહ થયો મગન=ગગન

વચનમાં એક હુન્નર ખોળ્યો-સીફત તેની ગાવા બોલ્યો
શાહે ખુશીથી બેમુલ તોલ્યો=હુન્નર શીખી શાહ થયા પ્રસન્ન=ગગન

પણ જ્ઞાની જગત તો રાખેછ જુદાઇ-કયાં મનુષ્ય, કયાં ખુદાઇ!
બદનને થઇ જીવ તનહાઈ-શાહનો તન હયાં થયો બતંગ=ગગન

———o———

## તહેમુરસના મરણ પછી તેના દીકરા જમશેદનું બ્યાન.

"મારા પ્રેમ પ્રિતમ" એ રાહ.

પુત જમશેદ આવ્યો રાજે-પુર ઝલક રહયોબી તાજે
દમ દમામ પુરતો છાજે-પુર ઠાઠે તખ્ત બીરાજે=પુત

લઈ અમલ પોતાને હાથ-બસ બન્યોબી સરતાજ
"કેઆની" રસમ પ્રમાણે તાજ-મેળ્યુ સરપર સુખની સાથ
રાખી રઇયત માટે દાજ=જોર ભાર ભરીને બાથે=પુત

કરી તાકીદ સઉને ભારી-દીધી સઉ સઉને સરદારી
જોર જુલમ સઉના તારી-કીધી કમર તગબી સારી
સઉની આબરૂ પણ સંભારી-ખરચી રંજ ગજબી જોતે=પુત

હતો વાકેફબી તદબીરે-હતો ચાલાક પણ તકદીરે
હર હુન્નર ભર્યા સીરે-સાથે જવાન જવાંમરદીરે
શોધ્યાં કામો ધીરે ધીરે-માહીત કીધા બધાને વાતે=પુત

ઘડયાં શમશીર બખતર તોપ–બનાવ્યા ઢાલે તુફંગનો શેપ
શીખવી સઉને ભારી ચોંપ–સુસ્તીપર લાયો કોપ
સોખ્યા તોલવા માટે જોખ–કળા કુનેહ કુનેહની સાથે=પુત

પોષાક બનાવ્યા ભારી–વણ્યા શાળ દુશાળા ભારી
દીધી તાલીમ સઉને સારી–બન્યા રાજ્ય રઠ ને ગારી
એમ ટાળી બહુ લાચારી–ખુદ જાન પટકયો જાતે=પુત

તેણે પાડયા વર્ગો ચાર–નહી રાખ્યો વર્ગ લાચાર
કોઇનો બંદગીપર આધાર–કોઇ લડાઈ માટે તઈયાર
વણકર ખેતી, વર્ગ અખ્તયાર–બોધ દીધા એવા ભાત ભાતે=પુત

સોને લાયેક દીધુ કામ–એવો લાવ્યો નેક અનજામ
ન કોઈથી કોઇ બદનામ–ન કોઇ કોનો ગુલામ
એવાં પાવરડા હર કામ–રળી ખાતાં સઉ સઉ જાતે=પુત

એવું હતુ સુખવાસી રાજ–જ્યા કો ન હતુ નીરાશ
જ્યા પરસપર પ્રેમ આસ–જયાં હતો નહી હિર્ષ ભાસ
જ્યાં સપ હતો કુલ ખાસ–પુર પ્રેમ અને હાવભાવે=પુત

શહેર થતું હતુ બાંધકામ–હતું ગણીત તણું પણ નામ
ઘર બંધાતા હર ધામ–કુલ ઇંતે ચણાતા તમામ
મળતુ મહેનતનુ પુર દામ–હતા સપ સલાહમા સાથે=પુત

ખણ્યા ખનીજ પ્રદાથ તમામ–જડયા મોતી હીરા કામ
થતાં સ્વાદીષ્ટ હયા મીષ્ટાન–પીતા શરાબ મિઠાસી જામ
સર્વે સુખનો સરજામ–હતો વાણુ વગરની વાતે=પુત

શેહેરથી કાઢયા દુખના સાંધા-બાંધ્યા બધે સુખના બાંધા
ન હતા કદી ત્યાં વાંધા-જે ટકતા કદી ન ઝાઝા
હતા હ્રદય સુખથી ટાઢાં-સૌ હસતાં રમતાં સાથે=પુત

ન ફરક હતો ખાસ આમ, સૌ સાથે ઉઠાવતાં જામ
બેફીકર ફરતાં સૌ થામ-નહી ચોર લુટનુ નામ
ન ઓછું મળતુ ત્યાં દામ-સર્વ કામે, વાતે, જાતે=પુત

શાહ સવાર થયો એક વહાણે-કીધી સફર શહેર ગામે
મેળવ્યું જ્ઞાન નેક નામે-કામેલ થયો ગુપ્ત કામે
થઇ કીર્તી શહેર ગામે-જશ નોખ્યો હતો બી ખાતે=પુત

બનાવ્યું તખ્ત જરદાર-લાખ્યું ગવેર ઠારેઠાર
જડયાં માણેકબી બેપાર-હિરા હતા ખરે બેસુમાર
લીલમ લાલ હતા નવ ધાર-બેઠો અતિ ઉમંગની સાથે=પુત

પછી "નવરોજ" પળાયો યાર-હતી ખુરમી દવારે દવાર
વર્ષનો પહેલો હોરમજદ વાર-જે ખુશીનો તેહેવાર
માસ ફરવરદીનનો 'સાર'-શહેર ગામે ખુશાલી ગાજે=પુત

સૌ થયા આથી રાજી-સલતનત સુખમાં ગાજી
હતું કોઇ નહી નારાજી-બેલાઇ ગમત ગેલ ને બાજી
"નોરોજની" યાદ રહીબી તાજી-ખુશ આનંદ ને મલકાતે=પુત

સાલ વહયાં એમ ત્રણસે-સૌ નિરોગી તનસે
મોજ મજાહ હતી મનસે-હતા ધન્યવંત ધનસે
નહી આવુ કદિ બનશે-સરવે સુખ સમયની સાથે=પુત

શાહ જમશેદને આરામ–કુલ ખલકતને તમામ
બસારતથી થતા પેગામ–હતી શ્રેષ્ટ રાજ્ય લગામ
મદ ભાવ લાવ્યો દમામ–સેવટ "હું" પણાંની સાથે–પુત.

———o———

## જમશેદ પાદશાહનાં મનમાં તકોબરીનું રાજ્ય શરૂ થયું.

શાહ જબ મયે નીકળા ઘરસે–એ રાહ

ગર્વ ભાવના ભાવ ભરાયા–થયું અભિમાન પ્રાપ્ત ઘણું,
પોતા સરખો કોઈ દીઠો નહી–લાવ્યો મનમાં હું પણું

તકોબરીના તાણે તણાયો–જણાયો નહી પોતાની સમાન,
બની ફેરાવન સર ઉઠાવ્યું–ખેચી તુંદી પોતે કમાન.

ગુમરાઈ લાયો શ્રેષ્ટપણાંની–સરદારોને કીધો હુકમ,
કરો પ્રાર્થના મારી સઉ પણ–નથી "યર્જદાથી" હું કાંઇ કમ

જો કોઈ પુંજશો મુજને નહી તો સમજીશ તેને અહેરેમન,
નાફરમાની કરાશો જરાબી–સીહા કરીશ તેનુ સીર તન

જીવન સુખ સૌ મે છે દીધુ–હું સરવેનો છુ કીરતાર,
મુજ સીવા કોઈ ઉગાર કરે નહી–હુ સઘળાનો પાલનહાર.

આવી લાફથી નાખુત બનતા, છોડી ગયા દરબાર સરદાર,
ચર્ચા ચાલી તકોબરીની–જ્ઞાની બન્યા બહુ લાચાર.

ધીમે ધીમે ખસતા ચાલ્યા–શુરા સપુત આ સંગતથી,
વીશ વરસમા ફના થયુ સઉ–બુરી આવી રંગતથી.

પાયામાલીનો પાયો જોયો–ખેદ ઉપજયો આખેર બહુ,
ઉંધી સમજમાં ખોહયું તેણે–દોરત યારને સુખો સઉ

પશ્ચાતાપને પાળે બેસી–કરી ભકિત "અહુરાની" ખાસ
પણ તકોબરીથી ગઇ "તુરાની"–હવે આવી તેને ભાસ.

વિનતી "અહુરા" કેમ સુને–જેને ગર્વ ભાવનો કીધો સંગ,
હવા વિના જેમ પતંગ બને છે–તેમ નેકી જવાથી થયો બતંચ.

---

## શાહ જમશેદના રાજ્ય અમલ વખતે મરદાસ નામનો અતિ પરેજગાર મર્દ અને તેના દીકરા જોહાકનું બ્યાન.

"છે ખરો કલામ"—એ રાહ

હતો નર જવાન, આસુદત દરમ્યાન, નામ હતું "મરદાસ"
પુર નેકીમાં પુર,
દાદ ઇનસાફ ભર્યો–યજદા ઇજીત ભરયો–સાથે હીમત ભર્યો
ખર ખયરાતમાં ચુર

પાસ હતા ખરા, ગાયો ભેસો મેઢા–દુધ દઇનો ખોરાક–પુર
જથ્થા સમાન,
જેને પડતી અગત–જ્યાં નહી જો જર–મલતું તેને તરત
સઉ મુફત તમાન.

હતો પુત્ર ત્યાં એક–જેનો મરદીમાં ટેક–પણ જીગરે છેક,
હતો બદમાશ તમામ,
ન દીલે દયા–જરી માયા મયા–ગોયા માનવ અવતારમાં
શયતાન દમામ.

એક દીને આવ્યો, કોઈ આ ઝોહાકની પાસ, પહેરી પોશાક
ખરો નેક ખાહીનો ખાસ,
ઢોંગ કરી એવા બદસખુન કહયા-ગુમરાહ રાહના ખરા
એમ દીધીબી ભાસ.

હતી વાતો મધુર-થયો ઝોહાક ચકચુર-જેમાં હતી ખરી
ખુદ દાનાઈની ઓટ,
દીલ મલકાઇ દીધું-તેપર જીગર કીધું-જયાં નીરદયતાની
કાંઈ હતી ના ખોટ.

બુરો મલકાઈ ગયો, તેપર છલકાઈ ગયો-બુરી સમજ દીધી
ખાલી મગજ ઉપર,
કહયું "રહેશે ખુશાળ, પુર માળે મલાલ, નિસાર કરશબી
જીવ કુરબાન થઇને તુ પર."

થોડી વાતો કરી, સૌ બુરાઇ ભરી, દીધો ઝોહાકે કોલ તે પર
મરી મરી,
સૌ વાતે કબુલ, થયો કરવા કરાર, ન કરશે તકરાર-
કબુલાતે ફરી.

કાન તેના ફુલબ્યા, બુરી વાતે ભર્યા-શાને જગમાં જોઇએ તું
સિવા કોઇ શાહ,
રાજ તાહરૂં તું કર-બાપનુ કાપીને સર તુંજ ખરો બીરાજ,
તખ્તપર શાને પિતા ?

નહી કરશે વચન, અગર ડરીને તું-ખુબ ધ્યાને, સમજ તુએ
તોડયો છે કોલ,
રહેશે સોગદનો ભાર-તુ થશે ખુવાર પુર વિચાર કરીને તું
કરજે બી ટોલ.

બન્યો આજેઝ ખરો, રહ ભુલ્યો ખરો, બાપને કતલ કરવા
તે તૈયાર થયો,
કેમ કરે તે કામ, પુછી રીતો તમામ-લાવવા બુરો અનજામ
તે સવાર થયો.

બુરા દેવે પછી હીકમત સીખવી બધી તું મુગો પડી જે સઘળો
અનજામ,
તોર એવી કરશ-નહી જરા ડરસ, જેથી લાવે નહી શક, સૌ
રહેશે અણુજાન

જતો "મરદાસ" પાદશાહ હતી તેની એક ગાહ-બંદગી
કરવા "અહુરા" ની મકસદ તમામ,
રાત્રે રોશની વગર-કંઈ ફીકર વગર, ત્યાં ધાર્યું બદમાશે
ખુન કરવાનું કામ.

છુપો ખાડો ખણી-ઉંડાણ કરયો વળી-ભર્યાં કાંટા તેમાં
જેની ઝેરી અણી,
બેફામ પડયો "મરદાસ" જાન થયો હલાક-ગયો પ્રાણુ રે તેનો
દાદગર દરબાર ભણી.

કેવો કપુત આ પુત-નહી લાવ્યો કાંઈ સુધ-બે રહેમ કરાવ્યો
બાપને બે જાન,
લીધી રાજની લગામ-બની હવસી ગુલામ-નાકદરી બનીને
ખોહયું ઇમાન.

હતી માણુસ પેદાશ-પણ હેવાન ખવાસ-બન્યો મુરખો અરે
ફાની તખ્ત ને કાજ,
ન રાખી કાંઈ લાજ-પહેર્યું "અરબ્બી તાજ"-બાપને રહેસ્યો
ખરે નહી લાયો દીલદાજ.

ઝોહાક તખ્તપર બેઠો—પેલો મગન થયો—સારા સુગન કરીને
બીજી કીધી બેવાત,
માહરૂ કરશે કહેન—બહુ મળશે ચયેન—જેથી આખેર તુલીકતુ
રહેશે નિરાત.

---

## ઝોહાક આગળ ઉપલા શયતાનનું વેશ બદલી આવવું, અને પકવાન ખાનુ ઘણુ ઉમદા બનાવી જાણે છે, તેની સીફત ગાઈ શાહુને ગોશપંદ ખવાડો તેનામાં ઝનુનનાં જોશ ઉઠે એવો ઉમેરો કરવો.

—o—

પકવાન કીધા અનેક તેને બનાવ્યો છેક—ખ્વાસે શયેતન
સમાનનો ક્રોધી ખવીશ,
માંસની લહેજત બુરી—પેવસ કીધી પુરી—શેર જેમ ચાખીને લોહી
ક્રુર બને અતીષ.

રોજ જાનવર કાપી—તેને સરસ બાફી—રાખી લહેજત તાજી—
આ ખવીશ માટે,
ત્રુપ્ત કીધી તરશ, ચાલુ રાખ્યો તરશ—ચાખ્યો ઘણોખી રસ
હર ભાતે ભાતે.

આથી મગન બની—દીધું ફરમાન શાહે—"માગ માગે જે આપું
હું તરત તુને,"
જેથી ગુંઠણુ પડી તેને અરજ માંગી ચુમવા ખાતેર બે ખાંધ
બસ આપો મને.

આવી અર્જ હસી–શાહ ગયો ફસી–બે ખુલ્લા કર્યાં
શાહે ખાંધોના ભાગ.
ચુમી કરી ખસ્યો શાહ અરે ફસ્યો– ચુમ્યા સમેત અરે ખાંધે
નિકળ્યા બે નાગ,

શાહ ગભરાઈ ગયો, આ શો, ઢગર્બા થયો હુકમ કતલ કરવા
કીધો ઝેરી બે નાગ.

કાપી નાખ્યા તરત–પાછા ઉગ્યા તરત– એમ કરતા ન રહયો
કાંઈ આખીરમા લાગ,
રાજ હકીમ આવ્યા–સઉ ઉપાય લાવ્યા-નિર્થક આખીર રહયા
એ ઉપાયને લાગ,
સેવટ હકીમ વેશે–બદમાશ આવ્યો પેશે–દીધી વચન વાણી આ
બુજાવવા આગ.

એનો ઉપાય છે એક–જો કરે તો નેક–ભેજા માણસના આપ
બે રોજીંદા તું,
અગર કરશે નહી એમ–બીજો ઈલાજ નથી=ખતા ખાઇને
બનશે બી રંજીદો તુ.

આ તર્કે ખભા ઉપરના બે નાગની અલંકાર રચના કરવાની સરકશી કરતો હોવુ તો પ્રિય વાંચક ક્ષમા કરજે ! આગળા વખતમાં કમાનનો ઘોડો જે આપણા વાચવામા આવે છે, તે કાઈજ નહી પણ વિમાની વહાણુ છે, અને તે આપણે જાણ્યુ છે પેલા બાવરચીએ લીધેલી ચુમીઓ ને "મોહીની" રૂપ આપી શકાય અને પેલા બે નાગ–તે બે મોહીનીના પ્રતાપ હોય–યાને પેલા ખવીશ ઇનશાને, આ ઝોહાકને બે મોહીનીમાં મસ્ત કીધો હોય–

તે બન્ને મોહીનીઓને આપણે "હવસ-અને લોભ" તરીકે પીછાણી શકયે જે બન્ને માણુસના ભેજા તો શું પણ આખ્ખાં મનુષ્યનુ આવા સત્તા ધરાવવા વાળાથી સ્તયાનાસી કરવા બસ છે. આ સમજ તને પ્રિય વાચક ભાવતી હોય તો તેમ, નહી તો પછી જેવી મરજી.

——o——

## જમશેદ પાદશાહનાં રાજ્યમાં હરજગોએ બંદનું ઉઠવું-લોકોનું નારાજ થઈ બીજો શાહ શોધવા માટે ઉશકેરાઈ જવુ, તથા એ વિગેરે બીજી બાબતોનુ બ્યાન.

'ગુણો વાપડ અતિ ગુણકારી રે"—ની રાહ.

બંદ જાગ્યા રાજ્યમા ભારીરે–શાહા જમશેદની થઈબી ખુવારી
ચાહી બીજા શાહાની યારીરે–રાજ્ય છોડવા કીધી તૈયારી=બંદ

જમશેદ શીરથી મહેર ઉડી ગઇ, ઇઅજદાની કુલ કહેર ભરી ગઈ,
પ્રજા-સરદારની પ્રીતી ઉડી ગઇ–લડાઇ આપસમા ભારીરે=શાહા

લશકર નિકલી પરદેશ ચાલ્યુ, અરબસ્તાનને શોધતાં આવ્યુ,
રાજ્ય આશ્રમ ત્યાથી ચાહયું, જોહાકથી અર્જ ગુજારીરે=શાહા

આશ્રો દીધો તેમને સારો, ઇરાન જવા કીધો ચારો,
દુશમન હતા તે બન્યા યારો, તાજ તેઓથી સ્વીકારીને=શાહા

આવ્યો જોહાક લડવા માટે, પત્ર લખ્યો શાહપર જાતે,
ગર્વ તારો તોડવા માટે, તે દાવો કીધો કીરતારી રે=શાહા

રોજી રજકનો તુ આપનારો, એવો મદ તે કીધો નઠારો,
"અહુરા" આગળ બન્યો ઠગારો, હવે ભાંગીશ તુમાખી સ રીરે=શાહા

લડાઈ માટે આવ તું રણુમા, ત્રણુ જીવો છે મારા તનમાં,
ફાંકો રાખ્યો તેં બહુ મનમાં, થશે ખાનાખરાબી તારીરે=શાહા

સામસામે એવાં પત્ર ચાલ્યાં, જમશેદના પણુ તેવાંજ આવ્યા,
તૌર ભરેલા જવાબો વાલ્યા, જેથી જોહાક બન્યો ખુન ખારીરે=શ હા

લખ્યું શાહે-જોહાકને એવુ, "પાછો સીધારે તો માફી દેવું,
આપું ગજ બહુ ભારી એવુ," વાંચ્યુ જયારે જુવાકે તેવુ,
ઝેન થઇ બહુ ભારીરે=શાહા જમશેદની થ૦બી ખુવારી.

એવી તરાહના પયેગામ આવ્યા, બન્ને આખેર લડવા ચાલ્યા,
કહેરથી બંન્ને શસ્ત્ર ઝાલ્યા,
સૌએ સફ સમારી સારીરે=જોવા લડાઇની આ ખુનખ્વારી

બન્ને વચ્ચે ચાલી લડાઇ, મળી ન કોઇને તેમા વડાઈ,
જમશેદની ગઇ આખેર બડાઈ, ફૌજ કપાઇ તેની સારીરે=શાહા

લડવા જમશેદ આવ્યો હાથે, નથી ગરજ મને લશકર સાથે,
આપણુ બન્ને લડીયે જાતે, એવી અરજ ગુજારી રે=શાહા

એ રીતે બેઉ લડવા પડયા, ત્રણુ રાત દીન લાગતલડયા,
આવા શુરવીર જગને ન જડયા, જોકે જખમ થયા બહુ કારીરે=શાહા

પહેલા લડયા નેજા સાથે, વળ્યુ નહી કાંઇ એ વહેજા સાથે,
પછડાઈ ધસ્યા ભેજા સાથે, પછે શમશેર મ્યાનથી કાઢી રે=શાહા

તરેહવારના હથીયાર ઉગામ્યાં, ફતેહ હરગેજ નહી કોઇ પામ્યા,
જરબ જખુનો ખાઇને થામ્યા, થાકી ગયા દીલ ભારીરે=શાહ

નાગ તરફથી જોહાક ઉછલ્યો, ક્રુર બનીને જનુની બન્યો.
વિક્રાળ શેર સમ ખુની બ યો, જરબ લગાવ્યો કારીરે=શાહા

આ જરબથી ફટકો ખાધો, ફટકા સમેત, તમ્મર ખાધો
સાથે જખમી થયોબી બાધો, પીઠ ફેરવી રણથી નાથો
તકોબરી ગઈ સારી રે=શાહ જમશેદની થઇબી ખુવારી.

તારીફ લખતા કલમ ખપી જાયે, બે જોધ્ધાઓના વર્ણન નહી થાયે,
પોહા ભરો પણ ન તારીફ સમાયે, એવી લડાઈ હતી બી જારીરે=શાહા

દોડયો જમશેદ લડાઈ ગાહથી, કહેરે ધસ્યો જોહાક પાછળબી,
લીધી જમશેદે પનાહ લશકરની, નામોશી એ ડાક નમાવી રે=શાહા

લાલાશ રગતુ જગ થયુંબી, બે શુમાર લોક માર્યું ગયુબી,
નદી સમાન ત્યા લોહી વહ્યુ બી, ત્યા એવી થઈ લાચારી રે=શાહા

—o—

## શાહ જમશેદની હાર-નાસિપાસ બનેલા શાહ જમશેદે પોતાના બાકી રહેલા ઉમરાવો પાસે પોતાની દલગીરી જાહેર કરવી:

"નહી આગહ જો એ કોઇ"—ની રાહ.

રહયું નહી દૌર આ જગ માહારૂ—થયુ આખેર ફના મારૂં,
રહયા નહી જોશ, ગયા તાકાત—તુ ડ રાહે થયું કાળું=રહયું.

નથી દીઠો મેં કોઇ દુશમન-વળી સાથેબી જોરેમ દ.
છુટવો મુશકેલ છે મારો દમ-સીહા વાદળ થયું ધાડું=રહયું.

સળગાવી આગ મારે હાથે-ગુમરાહ બન્યો કીરતારની સાથ,
ગયા છે શાન, ને ઉંચા માન-નમાવુ સર હવે માહારૂ-રહયુ.

બરબાદ કીધી મારી વસ્તી-હતી હસતી કીધી નીસતી,
તુટી છે બસ મારી કીશ્તી-અભાગ્યુ કાળ હવે મારૂં=રહયુ

આકાશ ખોફનાક બન્યો મુજપર-દયા કોણ લાવશે મુજપર,
કયાં ભટકીશ કયા રજલીશ કરશે નામ કોણ યાદ મહાહારૂં-રહયુ

દુન્યા બાગે અરે એ ભાઈ-કદી કરતો નહી તુંડાઈ,
નર્મીમા નેક ગજ સમાઈ-આજ ખરાબી હાલ, હતુ સારૂ=રહયુ

બશારત થઇ છ મને એવી-ખરાબી થશે ઘણી જેવી,
રજલીશ આખેર જગલ જગલ-તન રહેશે ભુખ્યુ મા૨=રહયુ

છોડુ મારા આ તાજો તખ્ત-જયારે એકબાલ થયુ બરગશ્ત,
જગલ વાસે કરીશ વસવાટ-બદગીમા સર નાખીશ માહારૂ=રહયુ.

આવ મજ પુત મારી ગોદમા-નથી રાખવો મારી જોડમા,
પણ છુપો રહીને દુર વસજે-(જેથી)જગમા રહે બી નામ માહારૂ=રહયુ

જનમશે તુજને એક પુતર-રાખશે બાદશાહી તોખમ તે નર,
સુધારશે તેજ ભલી મુજદીન-ભુંડુ અરમાન હતુ માહારૂં=રહયું.

સજીવન કરશે મારી ચીજ-રૂડી રીતોમાં રહેશે ચિત્ત,
તેજ જગમા થશે આશકાર=દીપાવશે જે હતુ માહારૂં=રહયું.

ચશમ ચુમ્યાં તે પુતરનાં–જત્રાબમાં આંખ આંસું ભર્યા,
દાબ્યો ગોદમાંબી વારેવાર–શેવટ "જમ" નુ થયુ કાળું=રહયું

બાપબેટા અરે છુટા–મુશીબતમા અરે ટુટા,
ગુજર્યાં વર્ષ ચાલીસબી–સીતમ કોઇ કેમ રે જોય વારૂં=રહયુ.

ગીરદેશ સાથે ખમ્યોબી ગમ–સોરયાં દુખોબી દમેદમ,
જમીન કરતો વાસો ખાસ–હતુ એક બાલ કેવું ન્યારૂ–રહયુ.

આફતની આગમાં દુજીઓ–ઉપાય તેને નહી સુજયો,
હતો તે શાહ થયો ગદા–દમામી દોલ ભાગ્યુ સારૂ=રહયુ.

કોઇ શાહીમા મરતો ના–"કદિ યજદાથી લડતો ના,"
નમાવી સર પગે પડજે–બદગીએ સર નમાવ તારૂ=રહયુ.

ન કોઇને રહી કસીબી કામ–જાણ્યુ નહી કયા છે તે નામ,
સમજ લે ભાઇ એવો અનજામ–જગતનુ કામ ખરેજ ન્યારૂ=રહયુ.

———o———

## "જોહાકે" જમશેદને જીવતો પકડી લાવવા ઈનામની લાલચ આપી પણ કસી ભાલ મળી નહી—જમશેદનું ભટકતાં જાબલુસ્થાનમાં જવું–અને શાહજાદી સમનનાજની થયલી મુલાકાત.

"શાહ જબમયે"—એ રાહ

ગમના ગારમાં ડુબતો બન્યો રંજ ખેચીને સરગરદાન,
જમશેદ પાદશાહ આખેર આવ્યો રવડી રવડી જાબલુસ્તાન.

આ સ્થળે એક શેહેરમાં દીઠુ અતી મોહકને ભપકાદાર,
ફુળો ફળોમાં ખીલતું જોયુ–મીથાસ મેવા સાથ લહેજતદાર.

ઓરત મરદને સુખમાં જોયાં–સાથે બાંધો સુરખીદાર,
હસતી રમતી રમત ગમતમાં, સ્રીનો ખીલતો અતિ બહાર.

રાજા અહિંનો હતો દેલાવર–"કુરંગ" જેનું નામ હતું,
બેટી તેની હતી નેક એક–જેમાં તેનુ હામ હતું

મશેરદાર ગરદનપર પડતા–બાળો તેના ગુચ્ચ વલી,
સુરખીદાર રૂખ સારા તેના–નાજુક અદામા ખીલતી કળી.

હોઠ હતા જાણે પરવાળા–નેત્ર બાણુનો શો શિંગાર,
દીલરંગ તેની ચાલ હતી ઠાઠ દેતો પ્રેમ અંગાર

જ્ઞાન હુન્નરમા તેજ હતી–પેજ હતો મરદાની તમામ,
ભલા ભલાને જગમા જીતી–પટકી નાખતી સૌનો દમામ.

બોલવાથી ખુશ નાદ થતોબી–ચેહેરો તેનો ચાંદ સમાન,
દીદાર તેના રોશન જોઇને–બુઢા થતા બી, જાણે જવાન.

રાજ્ય અમલ કોઈ નર હોતો–કરતો તેની બરોબરી,
મરદીમાં કોઇ હતો ન ત્યાંબી–જે કરતો તેની સરોબરી.

તીર કમાન ને બરછી ભાલા–ચાપડી કરતી હેરત બહુ,
નામ તેનુ હતુ "સમનનાજ"–સર્વે વાતે શ્રેષ્ઠ બહુ.

કુસ્તીમાં જે જે નર જીતે–આપશે તેને પરણવા હાથ,
એવી શરતમા હાર્યાં જાતા–કોઈ નહી લેતો તેની બાથ.

બીજી શરત બી એવી હતી–ખુશી હોય ત્યા પરણે તે,
ના હતી ના બાપને તેની–જાયે ખુશીથી ચરણે તે.

---

## જાબ્લુસ્થાન આવી પુગવું શાહ જમશેદનું અને ત્યાંના રાજાની બેટી સમનનાજ સાથે મુલાકાત થઈ વિગેરે.

"એ બદીમે પાયા ગમ"—ની રાહ

રજલી આવ્યો શાહા "જમ"–આ સ્થાને,
બહુ દુખ, વેદના કષ્ટ ખમીને આવ્યો આ થાને=

નહી ગયો શેહેર દરમ્યાન, રહ્યો બહારે,
દીઠો ખુલ્લો તેને એક બાગ, ખુશી થઇ ચઢયો તે દવારે=

કીધો ઝાડ નિચે આરામ, અરે ભગવાન,
ખુશ રંગ તરાહના દરખ્ત જોઇને–કીધો ત્યા રે મુકામ=

પરી સમનનાજ ત્યા ફરતી, દાસી સાથ નાજ ત્યાં ભરતી,
રંગ રાગે અયેશ ત્યાં કરતી,

ભરતી દમમા મોજ બહુ ખાસ–ફરી ચોપાસ,
એવી રમત ગમત દેતી ફરતી દાસી બીજી બી પાસ=

બીજી દાસી હતી જે ત્યાં, જોયો તે નરને,
અહિં છુપો રહીને શું જુવે છે, અરે મૂર્ખ હમને?

જોઇ તેમાં મોટી નિશાન રે આલીશાન,
ઉંચ પેશાની સાથે-અતિ નુરાની-વળી ચેહેરો જુવાન.

દીધો જવાબ એવી તરાહ-"ભુલ્યો છું રાહ",
બદબખતી મારો થઇ રહયો છે-મારો હાલ આએ તરાહ.

મને આપ શરાબ એક જામ,
એવો લઇ જા મુજ પેગામ,

નથી મુજને ન બીજું કામ—અરે બાનુ
દુવા કરીશ ઘણીબી તુને—ભુલીશ નહી હું તારો અહેશાન.

સાંભલી બાઇએ સઘળી વાત,
ખુશી થઈ સાંભલી રીતભાત,

પછી હુકમ કરાવ્યા તયાં—સભા ભરવા.
લઇ આવી "જમને" ત્યાથી પોતે-પરોણાગત કરવા.

———o———

## શમનનાજ સાથ જમશેદની પિછાન.

"ન હો કોઇ જહામે"—એ રાહ

જોતાજ થઇ દીલદારી—મારી પ્રેમે કટારી.
સીનો ફરાખ ને પતલી કમર પર, નેક પેશાની તેજ બી સીરપર,
આવકાર કીધોબી ભારી=મારી પ્રેમે કટારી.

આવ્યો કયાથી-કયાંનો રાહબર, કામ શું છે-હતું બી હયાંપર,
ગીરદ શાને મોઢા શીરપર,
મંજલ કીધી છે ભારી=મારી પ્રેમે કટારી.

પરસપરમા ઓલખ દીધી, સામસામી પ્રિત જીતી લીધી,
મનની ચાવી ખોલી દીધી,
મહેમાનદારી થઇ સારી=મારી પ્રેમે કટારી

આવ્યા બન્ને મહેલમાં રે, સલામ દીધી તેને સૌએ,
ખીદમત કીધી તેની બહુએ,
કુરબાન થયું દીન જારી=મારી પ્રેમે કટારી.

જામો ઉડાવી શરાબી ભારી, રંજથી જાણે ગયો પરવારી,
ખોરાક લીધો ભારી ભારી,
સાથે દારૂની તલબગારી=મારી પ્રેમે કટારી.

રીતભાત તેની જોઇને ચેતી, ખાનદાન ભારી માની લેતી,
મનથી કુળ છે ઉચું કહેતી,
પણ શાને તેની લાચારી=મારી પ્રેમે કટારી

સવાલ કીધો તેને દારૂ માટે, શોખ શાને રાખેછ જાતે,
ખાનુ લેતો નથીમી સાથે,
ચિંતા કરી દીલ ભારી=મારી પ્રેમે કટારી.

સરાબ મરા તનનો રંગ છે, એની સોબતમાં દુખનો ભંગ છે,
લડાઇમાં એ હીમ્મત જંગ છે,
હીમ્મત આપે છે ભારી=મારી પ્રેમે કટારી.

જાણ્યો તેને ભરમ જયારે, જમશેદ દીઠો તેને ત્યારે,
સુરત જેની જગ આશકારે,
ખામોશ બની ગઈ સારી=મારી પ્રેમે કટારી.

ભેદ તેણે ખુલ્લો કીધો નહી, વધુ જાણવા કસદ કીધો નહી,
સવાલ વધુ કીધા કશા નહી,
વીગત જાણુતીથી સારી=મારી પ્રેમે કટારી.

ખાનુ ખાઈ બેઉ બેથા દરબારે, ખુશી કરાવી સર્વે પ્રકારે,
દીધી ખુશાલી હર હરકારે,
નાચો દેખાડયા ભારી=મારી પ્રેમે કટારી.

---

## સમનનાજે જમશેદને પિછાન્યો-જમશેદે જમાનાની ચાલ માટે અફસોસ કીધો-સમનનાજ સાથે દીલકશ વાત-ઓરત જાતની નબળાઇ માટે તકરાર-તેણીએ આપેલો રદયો-તેમની પ્રેમ લાગણી-અને લગન.

"દુખમાં દુખી દેવ તારો"—એ રાહ.

યાદી આવી હજારો-"જમ" થઇ રહગો દુખીઆરો,
ગમનો થયો દીલ ભારો-ઝરો જળ વહેયો નયધારો,

ગમ નાક જોઇને સમનનાજ બીધી, કારણ જાણવા અરજ બહુ કીધી,
કુસુર કાંઇ હોય તો માફીબી લીધી,
રંજુર બદન કેમ થયુ-દીલથી દીયો સધીઆરો=

જમશેદે બ્યાન એવું એક કીધું, નામ જુબાનેબી જમશેદનુ લીધું,
ખમ્યા તેને દુખ-બ્યાન તેનું કીધુ, આકાશે તાજ તેનુ શી રીતે લીધું,
ફકીર બનાવી બુરૂં તેનુ કીધું,
મુવોછ-કે જીવતો તે ન્યારો-કીધો ન કોઇએબી ચારો=

જગતના ચક્રની કેવી છે ચાલન, ઘડીમાં ગરીબી ઘડી લાલ પાલન,
ઘડીમાં ગીરદેશ–ઘડી થાય ટાળન,
અફસોસ કીધો જગને આવો આસુઓ પાડી હજારો=

વાત આ સુનીને આજુ ભરાયાં, **સમનનાજના** તનમાં ખેદ ઉપજાયા,
કરવા લાગી, ચાહયા ને માયા, ના કરો ગમ, છુ હુ તમારીજ દાયા,
તુંજ મારો **જમશેદ** પ્યારો–કર મુજપે તુજનોરે છાયો=

હાલ ફકીરી છે ખરોરે તાહારો, મારાં મનથી તુ ચદ્ર મારો,
મલવાજ તુને હતો હોશ મારો, કબુલ રાખ આ દરત મારો,
નહીતર બનીશ ગમખ્વાર હુ–ભવબી જશે મુજ અકારો

છુપાવ ભલેબી તારૂં તું નામ, નથી બીજાથી મને કુછ કામ,
ભલે જગ કહેબી તુને બદલામ, જમશેદ ખરો છે, તુ જ નેક નામ,
નેત્રો દીઠાથી કીધી મેં પીછાન, પેશાની દે છે ગવાહબી તમામ,
નથી કશી અણજાણ હુ–સીર મારે ધર હાથ તારો=

થતો મુજ ભિતરમા એકજ અવાજ, બનશે તુ મુજનો ખરોજ સરતાજ,
અહુરા એ કીધી છે તે દુર આજે દાજ, તુજથીજ પુત્ર થશે સરફરાજ,
જુદાઇથી ના દીલ બાળો— ભરથાર બની ભવ ઉગારો=

જયાં સુધી ભિતરમાં છે મુજનો દમ, બીજી પેરે થાઉ નહી કદી
બેવચન,
સુખ દુખમાં ભરીસ હું ગંજે ગમ,
**જમશેદ** થયો બહુ નરમ–સ્વાધીન કીધો જીવ પ્યારો=

હું ધારૂ છું નારી રાખેછ સબુરી, પણ ભેદ વિશ્વાસમા રહે છે અધુરી,
માયા ને મહોબતમા મનથી મધુરી,
ખોહયા છે વિશ્વાસમા જાનો–મર્યા છે જીવ હજારો=

તુંજપર આવે છે વિશ્વાસ ને પ્રેમ, તુજના સખુન પર લાવું છું રહેમ,
ભરૂશો ધરૂંછું-કર જેમ તેમ,
હોલ સામ સામા થયા રે-તનમનથી કીધોબી ચારે=

ઇઅજદાની નજદીક સરબી તુમાવ્યા, દરત પાક ઇમાને બેઉએ હલાવ્યા,
ઇજત ને નેકીમાં બન્ને જુકાવ્યા, નેકી પર ચાલવા સુખનો પુકાર્યા,
ખુલ્યા બદન શાદમાને-સુખનો થયો આજ વધારો=

આવી રંગતમાં ભુલી પિતાને,ઉપજાવ્યો વહેમ ખરો આ ચિંતાએ,
દાસી રવાના કીધી તે દીશાએ,
લાવવાને ત્યાંનો પેગામ-"કુરગ"નો જીવ થયો ખારો=

—o—

## આ શેઆદી વીષેની વાત શાહુજાદી સમનનાજના બાપ કુરંગને થઈ—તેણીને હુમેલ રહયા—બાપ બેટી વચ્ચે બોલાચાલી.

"જીન સુખ પલીઆ"ની રાહ.

લાવી હતી એક દીને સમનનાજ-બાપના હુકમથી, દાસી ખાસ,
મમતા માયે પાલવા સાથે-બાપે કરવા કહી બરદાસ=

જાસુસ થઇને રહેતી દાયા-દીઠો ઘરનો હાલ તમામ,
મનમાં ધારી એવુ માન્યું-સમન્નાજનું ગયું છે માન=

ખબર શાહને તેણે કીધી-હમેલદાર છે બચ્ચું તુજ,
બેશરમીમાં દીવસ ગુજારેછ-બેપરવાઇમાં રાખીછ સુજ=

હુકમ થયોબી સમનનાજને-જઇને બાપને મલવાને,
ખુશી ઉમંગમાં બની થની ગઇ-મેહેલે બાપને મલવાને=

હાલત જોઇ બાપ બેતાબ બન્યો-બોલ્યો કંડા બોલ કહણુ,
આખેર ઇલ્લત તારી ગુમાવી-ફળ આવુ દીધું જયા રૂડી જતન=

કુળ વંશને એબ લગાડી-કીધુ નામ મારૂં બરબાદ,
નીચ ખ્યાલનો સીતમ કરીને-સઉ ધુળ કીધુ અરે બદજાદ=

બોહ્ શાને કરોછ પીતજી-શાને કરોછ મુજને બદનામ,
નથી કસુર કાંઇ મારી જેથી-બક્ષોછ એવાં મુજને નામ=

પાક મહજબ મારો જીવ છે-સાથે છે મારૂં આ તન,
થયું સુખ "અહુરા" મરજીથી-નાદીર છે મારૂં એ ધન=

પરણુવાની શરત હતીબી-મુજ મરજીનો શોધુ યાર,
નેક ખ્વાસનો ભલો મરદ તે-કીધો "દાવરે" મુજ ભરથાર=

વઢાઇ બાપે આવી સુનીને-પુછયું ત્યારે તેનું નામ,
કીયા દેશનો તે રહેનારો-વશવેલાની શી છે નિશાન?=

વહાલો મારો શાહ "જમ" છે-છે તેનું ઇરાન વતન,
ખરી ઓલાદનો તે છે નબીરો-એ કીમતી છે તેજ રતન=

ખુશી થયો શાહ સુની નામ એ-વળી થયોબી બહુજ મગન,
ખબર જોહાકને આપીશ કાલે-જેથી ઇનામના થશે સગન=

ખબર કરી છે શાહ "જોહાકે"-જે કોઇ દેશે "જમ" ની ભાલ,
નેશાર કરશે તે શખસ પર-શેહેર ગામને મોતી લાલ=

સુની બાવરી બનીરે બેટી–કેવું કીધું બાપે વર્તણુ,
બેફામ બની તે રડી રડી રહી–પટકયુ આગથી રે સરતન=

ઓ પિતાજી રહેમ કરોરે–જીગર મારૂ બનેછ કબાબ,
બન્તે જેહાને ચોર થશો તમ–દેશો મુજને રહેમી જવાબ=

જાણ્યું આપનું જીવતર આથી–પ્રેમ ભાવથી લાવ્યો હરખ,
વચન દીધુ બચાવ કરશે–જેથી બેટીમાં થયો ફરક=

——o——

## કુરંગ પાદશાહ જમશેદની મુલાકાતે–પછી પરસપરની વાત જાણી ખુશી ગુજારી–સમનનાજને જમશેદથી પુત્ર અવતર્યો–જમશેદ મારેની શેહેરમાં ચર્ચા–કુરંગનો ગભરાત–જમશેદને નાશાવાની અરજ કીધી તે તથા તેનૂ મોત.

"બીન યાર ગમ"ની–રાહ.

કુરંગે "જમ" ની મુલાકાત=કરી–શાનો અદામાં તે ભારી ભરી=

અજબ થયો દીલ જોઇને નુરાની–અદબો આદાબમાં ખરો ઇરાની,
છાતી કદાવર પતેલ કમર બંદ–સલામી દુવાની દઇને ભરી=

જવાબ સવાલો થયા તે સાથે–સમજ કરી બહુ રીત ભાતે,
પરસપર નસીહત થઇ સુખ્ખ વાતે–સીરપર તેનાથી આશીષ કરી=

જમશેદે વલતી દુવાઓ દીધી–ભલાઇ કરવા ખુબ ચોપ દીધી,
રહેમ સઉસે કરવાબી અર્જ કીધી–શરબત સુખુનમાં સાથે ભરી=

તુજ પુત્રીને ત્યાં એક પધરામની ઠરશે–નેક ભલો ને સપુત નીવડશે,
નામનાને ર્કીતીનો ડંકો કરાવશે–પણ બીક એકથાયેછ મુજ દીલમાં ખરી=

પામાલ થવશ હું તારેજ હાથે–ફરેઅથી ફરશે તું હર વાતે,
સ્વાધીન કરશે તુજ મુજને ઘાતે–પણ તેથી હુ ગભરાઇ જતો ન ડરી=

સુની વાત એવી કુરગ પડયો વિચારે–કદિ નહી બનશે એવુ મુજ પ્યારે,
સોગન લેઉછ હુ દાદગર દરબારે–ન પડશે આખરે એ સરજત ખરી =

ખુશી થયો બહુ સુખન સુનીને–નમાવ્યુ શર તેને હાથો ચુમીને,
તારીફ કરી આવા દેલેર ગુણીને–ગુજાર્યા દીન રાત યેશ ભરી =

"ખુસરવા"—ની રાહ

પછી સમનનાજને પુરા થયા નવ માસો,
પુર વધાઈ સાથે કીધો એક પુત્રે વાસો=

જાણે ગગન સાથ માહાતાબ કેમ ચમકાયો,
પુર બહાર તરાહના અજબ પ્રકાશે આયો=

વળી સાથે ખુશાલી હર તરાહની લાયો,
પેશાની સાથ ચહેરો જમશેદ સરખાયો=

બોલાવ્યા સઉએ નામ રાખી તેનું "તુર",
જાણે હતુ ખરેખી **જમશેદ**નુંજ પુર તે તુર=

એવી ચરચા જગમાં ચાલી રહી બહુ જોશે,
નહી રાખ્યું ભાન આથી જમશેદ શુ ખોશે=

પણ આથી ચોમેર ખરી વાત ફેલાઇ,
ખુદ કુરંગ શાહપર શકની નજર મેલાઈ=

ખુલાસો કીધો શાહે બહુ ગમ ગભરાતે,
જમશેદે કીધો બી કસદ જવા મધરાતે=

સુની વાત ત્યારે તો ફાળ પડી રાણીને,
ગમગોન બની બેફ્રામ બની કહાણી એ=

બસ ખુશી ખુશીમાં રહે—આ સરજત મારી,
બસ સેવટ હવે બોલ કલામ એવા ખુશકારી=

બસ સબર ધરીને ના દહે કર આજારી,
એવા ઉલટ ભાવથી વધેછ મારી હાડમારી=

ફુલક ધરે છે એના નેજાબી શીરપર,
જ્યાં દુખ હોય છે આવેછ હાડેસા ધીર ધર=

મહેર માયા ધરીને પાલણુ ધરજે પુતપર,
ફરી સફેદ રંગબી આવેછ કદી કબુતપર=

એમ કહીને શાહ તો છોડી ગયો સુખ ગંજને,
બહુ વર્ષ પછીબી આખેર પકડયો રંજને=

ભુખ્યો તરસ્યો રવડયો વણુ વગડાએ
ન પીછો છોડયો નહી તુંદ ઝગડાએ=

તન મન ખોઇ રવડયો બદન થયું ચાક ચાક,
નાસોસ પડીને નબલો બન્યો ભુખ થાકે=

તેનુ જીવન ભરાયું એમ સાત .સદીમા,
મોત ધારતો હતો બસ હવે ઘડી એ ઘડીમાં=

એમ આખેર આવ્યો હીદ સરહદની આગળ,
ત્યાંથી માહાચીન જઇને કીધુ હિંદમી પાછળ=

પણ આખરે તે ત્યાં જોહાક હાથ પકડાયો,
બહુ સખત બંધમાં મુમકા તાટ જકડાયો=

તેના કીધા ટુકડા તનના જુદા કરવતે,
નીચ વેર આખેર લીધુંબી, બે મુરવતે=

આવું અસલ માલનું "જગનુ જવાહીર ભાંગુ,"
અવ્વલ રમખાણ તો ગર્વ વાતમાં જાગું=

આવા વિરતણા સીર તુંદ તાણમા તુટયો,
અભિમાન તજો નહી તો કીસમત તમ ફુટયા=

આખેર ખબર થઇબી સમનનાજને સારી,
બે નહાયત દીલમા ગમની છુરી મારી=

———o———

# હા, ખરૂં છે કે

**ગાયણની ખુબી જે નહિ પીછાણે**
**તે ખોદાને ખોદાઇ નહિ બી જાણે .....**

અને તેજ મીસાલ જે ખરા હુન્નરની પીછાણુ નહિ કરે તે કુદરતની પીછાણુ પણ કરવાને શકતીવાન નથી.

આજે દુન્યામાં **જેપાન** દેશ કુદરતી સીનસીનરી માટે તેમજ તેના હુન્નર માટે મશહુર છે, અને તેજ દેશના હુન્નરના **નાદાર નમુનાઓ** તમારી સનમુખ રજુ કરવાનો અમો એખલાજ દાવો કરીએ છીએ.

અમો માન્યે છીએ કે **તમો ખરા હુન્નરના શોખીન** તરીકે જ્યારે પણ વરસ, નવજોત, લગન, પતેતી, નાટાલ, દીવાલી અને એવા બીજા સરઅવસરોએ સગાં સ્નેહીઓ અને દોસ્ત આશનાઓને **ભેટ આપવા લાયકની જણ** ા હોવો ત્યારે અમારી દુકાનની મુલાકાત લેશો, કારણ અમારી પાસે

**જાપાનીઝ હુન્નરમદીની**

હમા ચીજો પડેલી છે જે આપનારને શોભા આપે અને લેનારને ખુશ કરે.

**એશો કંપની**

હોરનબી રોડ, કોટ-મુંબઈ.

GRESHAM LIFE OFFICE

# ગ્રેશામ લાઇફ ઓફીસ તરફથી

# ઘટાડવામાં આવેલા દરો.

## ૧૯૧૩ ના સાલનું પરીણામ.

**૬૬૬૮ નવી પોલીસીઓ કરવામાં આવી રૂ. ૩ કરોડ ૬૪ લાખ.**

**નવુ પ્રીમીયમ (૧૯૧૩) રૂ. ૧૬ લાખ ૧૬ હજાર**

**વારસીક આવક રૂપીઆ બે કરોડ ૨૧ લાખથી વધુ.**

**કુલ્લે અસકયામત રૂ ૧૬ કરોડ**

**પોલીસીઓની રૂએ પગાર કરયા રૂ. ૪૫ કરોડ ૬૭ લાખથી વધુ.**

## દુનીયામાં ગમે ત્યાં જવાબ દઇ શકે એવી પોલીસીઓ.

ઇગ્રેજી દરોએ દેશીઓનો વીમો ઉતારવામા આવે છે. બુઢાપામાં પેનશન, બચાઓ માટેનું એનડાઉનમેંટ ફંડ વગેરે માટે હેઠળ લખેલે ઠેકાણે અરજી કરો

**ક્રોફ્ટ મોદી એંડ કુ૦**

હીંદુસતાન, બરમાહ તથા સીલોન માટેના ચીફ એજંટો.

ઠેકાણુ—**ગ્રેશામ બીલડીંગસ,**

**કોટ, મુંબઈ.**

એજનસી માટે અરજી કરવાને એલતેમાસ કરવામાં આવે છે.

# "ડાન ફોતોગ્રાફીક સ્ટૂડીઓ."

## ફોતોગ્રાફીક આર્ટનો નાદર હુન્નર કરી બતાવતું ઊંચુ ખાતું.

આજ "આઠ વર્ષ" થયા સ્થપાયલા, ગોવાલીયા તલાવ ઉપર આવેલા "ડાન" સ્ટુડીઓમા, ફોતોગ્રાફીક કામ ઘણીજ સફાઇથી કરવામા આવે છે તેમજ ખાસ "આરજેનતો તાઈપ" પ્રિનતીગ પ્રોશેસથી પીકચરો છાપવામાં આવે છે.

ફોતોગ્રાફીક હુન્નર સમજદાર, તેમજ બીન અનુભવીઓને દરેક સલાહ અતિ નમ્રનતાઇ સાથ પુરી પાડવામા આવે છે, અને આવશે.

નાની, જુની સબીઓ ઉપરથી ઘણાજ Bright એનલાર્જમેન્ટો કરી આપવામા ખાસ ધ્યાન આપવામાં આવે છે.

ઉપરાંત પીકચરોને અનુસરતી ફ્રેમો બનાવવા તરેહવાર જાતની ઓકની ફ્રેમો તૈયાર છે એક પોસ્ત કાર્ડ મલવાથી ઘર બેઠા ફ્રેમના નમુના મોકલી ફ્રેમના ઓરડર લેવા તૈયાર રહીશું.

હમારે ત્યા "હારમોન્યમ" બનાવવામા આવેછે. જે હીદી રૂતુને અનુસરતા તેમજ મધુર અવાજના ખાસ તૈયાર કરવામા આવેછે.

જૂના હારમોન્યમને રીપેર કરવાનુ કામ ઘણાજ કીફાયત ભાવે તેમજ ખાતરીદાર માલમસાલો વાપરી બનાવ્યે છૈયે.

"ડાન" સ્ટુડીઓના હુન્નરની ચિત્રમાલા જોવાની તક ગુમાવશો નહી.

"ડાન"
ફોતોગ્રાફીક સ્ટુડીઓ,
ગોવાલીયા ટેન્ક
મુંબઈ.

સાંજને સમયે થાકેલા મનને રાહત મેલવવી હોય તો,

**પધારો.**

## ઇમ્પીરીઅલ સિનેમેટોગ્રાફમાં

ન્યુ ચરનીરોડ,

મુંબઈ.

## ઇમ્પીરીઅલ સિનેમેટોગ્રાફ

યાને

## "પ્લેઝર પેલેશ"

હયા

દર શનીવારે-તદ્દનજ નવુ, દીલકસ, ને હુન્નરથી ભરપુર

"સિનેમાનું પ્રોગ્રામ"

રજુ થાયે છે.

આ "પ્રજા પ્રિય પ્રકાશિત મહેલમાં" બે ઘડીની રમુજ
મનને તાજગી આપ્યા વિના રહશે નહિ હમારા રમુજી તેમજ
કરૂણારસિક સિલેકશન્સની ફતેહ માટે
બે મત છેજ નહિ.